## પરંતુ રસુલ(સ) કેવી રીતે આવા ભાગલા પાડનાર શબ્દનો ઉપયોગ કરી શકે?

શું ઇબ્રાહીમ(અ.) સાંપ્રદાયિક હતા? નુહ(અ.) અને મુસા(અ.) વિશે શુ? જો 'શીઆ' ભાગલા પાડતો કે સાંપ્રદાયિક શબ્દ હોત તો,અલ્લાહ કયારે પણ તેને તેના ઉચ્ચ દરજ્જાના રસુલો માટે ઉપયોગ ન કરત અને રસુલ(સ.) પણ તેની પ્રસંશા કરત નહીં.

આ વાત પર ભાર મૂકવો જોઇએ કે રસુલ(સ.) કયારે પણ નહોતા ઇચ્છતાકે મુસલમાનો વિભાજીત થાય. તેમણે તેમની જીંદગી દરમ્યાન ઇમામ અલી(અ.) ને તેમના ઉત્તરાધિકારી તરીકે અનુસરવાનો હુકમ આપ્યો હતો, તેમના ઉત્તરાધિકારી અને ખલીફા તરીકે. કમનસીબે લોકોએ રસુલ(સ) ની ઇચ્છાને છુપાવી. જયારે કેટલાક અનુસર્યા જેઓને "શીયા-ને-અલી" કહેવામાં આવે છે. અને રસુલ(સ.), માનવજાતિ ના દયાવાન જ્યારથી, ગુજરી ગયા ત્યારથી તેઓ દરેક પ્રકારના ભેદભાવ અને જુલમનો ભોગ બનતા હતા. જો દરેક મુસલમાનો રસુલ(સ) ની ઇચ્છાને અનુસર્યા હોત તો, ઇસલામની અંદર કોઇ ભાગલા જોવા ન મળતા. એક હદીસ માં રસુલ(સ) કહે છે:

**"નજીક માંજ મારી પછી તમારી વચ્ચે તિરસ્કાર ઉદ્દભવશે, જયારે એવા સંજોગો ઉદ્દભવે ત્યારે, જાવ અને અલીને શોધી કાઢો કારણ કે તેઓ જૂઠાણું માંથી સત્ય અલગ કરી શકે છે"**

- અલી મુત્તકી અલ-હીંદી, કનઝુલ ઉમ્માલ (મુલતન) ભાગ ૨ પેજ ૬૧૨, નં 32964

આગળ જણાવેલ કુરઆન ની આયત મુજબ, અમુક સુન્ની વીદ્વાનો ઇ. જાફર સાદીક(અ) જેઓ અહલેબૈત માંથી છઠ્ઠા ઇમામ છે તેમનાથી નકલ કરે છે કે:

"અમે અલ્લાહની રસ્સી છીએ કે જેના માટે અલ્લાહ કહે છે: અને તમે દરેક જણ અલ્લાહ ની આ રસ્સીને મજબુત રીતે પકડી લ્યો, અને તમારી જાતે વીભાજીત ન થાઓ.

- અલ-સલાબી, તફસીર અલ કસીર, આયત 3:103 ની તફસીરમાં
- ઇબને હજર અલ હેયસમી, અલ-સવાઇક અલ-મુહરીક,(કૈરો) પ્ર.11, ભાગ 1,પે. 233

આમ, જો અલ્લાહ સાંપ્રદાયિક હોત તો, જેઓ તેની રસ્સીથી અલગ થયા તેની સાથે ભેદભાવ રાખત, તેઓ સાથે નહી જેણે મજબુતીથી તે પકડી!

## સારાંશ:

આપણે જોયુ કે શીયા શબદનો ઉપયોગ કુરઆનમાં અલ્લાહના ખાસ બંદાઓ માટે થયો છે, અને રસુલની હદીસ પ્રમાણે ઇ.અલી(અ)ને અનુસરનાર માટે. જે અલ્લાહે નિમણુંક કરેલા માર્ગદરશકોની અનુસરણ કરે તે મઝહબના મતભેદોથી સલામત છે અને અલ્લાહની મજબુત રસ્સીને પકડી છે, અને જન્નતની ખૂશખબર આપવામાં આવી છે.

**To find out more about authentic Islam, visit:**

***http://al-islam.org/faq/***

અને એકત્ર થઇને સર્વે (જણા) અલ્લાહની રસ્સી (ધર્મ) ને મજબુત પકડી લો અને (માંહેમાંહે) ભંગાણ પાડો નહી

(કુરઆન 3:103)

# શીયા શા માટે?

શીયા એ એવા મુસલમાનો નું વિશેષણ છે કે જે રસુલ (સ) ના અહલેબૈતને અનુસરે છે. તેઓ આ સાંપ્રદાયિકતા ના કારણ માટે કે મુસલમાનોમાં ભાગલા પાડાવવા માટે ઉપયોગ નથી કરતા. તેઓ ઉપયોગ કરે છે કારણકે કુરઆન તેનો ઉપયોગ કરે છે, રસુલ(સ) તેનો ઉપયોગ કરે છે અને અગાઉના મુસલમાનો સુન્ની અને સલાફી જેવા શબ્દો અસ્તિત્વમાં આવ્યા તે પહેલા તેનો ઉપયોગ કરતા હતા.

## શીયા કુરઆનમાં

શીયા શબ્દ નો અર્થ "અનુસરનાર; સમૂહ ના સભ્યો". અલ્લાહ કુરઆનમાં ઉલ્લેખ કરે છે કે તેના અમુક પ્રમાણીક બંદા તેના બીજા પ્રામાણીક બંદાઓના શીયા છે.

અને ખચીતજ ઇબ્રાહીમ પણ તેનાજ અનુયાયી માંહેનો હતો
(કુરઆન 37:83)

અને તે (મુસા એક દીવસ) એવા સમયે શહેરમાં પહોચયો કે જ્યારે શહેરીઓ ગાફેલ હતા, ત્યાં તેણે બે શખ્સોને આપસમાં ઝઘડતા દીઠાં, (જે માંહેનો) એક તો તેના અનુયાયી માંહેનો હતો, જ્યારે બીજો તેના શત્રુઓ માંહેનો હતો, પછી તે શખ્સ કે જે તેનો અનુયાઇ હતો-તે શખ્સ કે જે શત્રુ માંહ્યેનો હતો- તેની વિરૂદ્ધ તે (મુસા)ની મદદ માંગી
(કુરઆન 28:15)

શીયા એ અધીકૃત શબ્દ છે જેનો અલ્લાહે કુરઆનમાં તેના ઉચ્ચ દરજ્જાના રસુલ(સ) અને તેના અનુયાઇઓ માટે વાપર્યો છે .

જો તે સોથી વધુ પ્રામાણીક બંદાનો અનુયાયી(શીયા) હોય તો, પછી શીયા બનવામાં કંઇ ખોટુ નથી. જયારે બીજી બાજુ, જો કોઇ જુલમી અને અત્યાચારીનો શીયા બને, તો તે તેના નેતાની નિયતિનો ભોગ બને. કુરઆન કહે છે કે લોકો કયામત ના દીવસે ટોળાઓમાં આવસે, અને દરેક ટોળા આગળ તેનો નેતા(ઇમામ) હશે. અલ્લાહ કહે છે:

જે દીવસે અમે દરેક ટોળાને તેના ઇમામ (આગેવાન) સાથે બોલાવીશુ
(કુરઆન 17:71)

કયામતના દીવસે દરેક અનુયાયીનુ સ્થાન તેના ઇમામ ના સ્થાન ઉપર આધારિત હશે (એ શરતે કે તે વાસ્તવમા તેને અનુસરતો હોય). અલ્લાહ કુરઆનમાં કહે છે કે ઇમામ બે પ્રકારના હોય છે:

અને અમોને તેમને (ગુમરાહોના) એવા સરદાર બનાવ્યા કે જેઓ (લોકોને) જહન્નમ તરફ બોલાવે છે, અને કયામતના દિવસે તેમની મદદ કરવા આવશે નહિ. અને આલોકમાં પણ અમોએ તેમની પાછળ લાનત લગાડી દીધી છે, અને કયામતના દિવસે તઓ ચહેરા બગાડી નાખવામાં આવેલાઓ માંહેથી હશે.

(કુરઆન 28:41-42)

કુરઆન એ પણ યાદ અપાવે છે કે અલ્લાહે લોકો માટે લોકોના માર્ગદર્શન માંટે ઇમામ ની નિમણુક કરી છે:

અને જ્યારે તેમણે ધીરજ ધરી તથા અમારી આયતો પર સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો ત્યારે અમોએ તેઓમાંથી એવા ઇમામ (આગેવાન) બનાવ્યા કે જે અમારી આજ્ઞા પ્રમાણે હિદાયત કરતા હતા
(કુરઆન 32:24)

ખરેખર, આવા ઇમામનો સાચો અનુયાયી જ કયામત ના દીવસે સાચો સમરૂદધ્ધ હશે.

## શીયા હદીસોમાં

ઇસલામના ઇતિહાસમાં ઇ.અલી(અ) ના અનુયાયીઓ ને શીયા કહેવાય છે. આ શબ્દ કાઇ પાછળથી શોધાએલ નથી! જેણે સૌ પ્રથમ આ શબ્દનો ઉપયો કર્યો તે રસુલ(સ) હતા. જયારે નીચેની કુરઆનની આયત ઉતરી:

નિ:સંશય જે લોકો ઇમાન લાવ્યા અને સત્કાર્યો કર્યા, તે લોકોજ સર્વ સ્રુષ્ટિમાં શ્રેષ્ટ છે
(કુરઆન 98:7)

રસુલ(સ) એ અલી(અ) ને કહ્યુ: "**આ(આયત) તમારી અને તમારા શીયાઓ માટે છે.**"

આગળ કહ્યુ: "મારૂ જીવન જેના નિયંત્રણમાં છે તેની કસમ ખાઇને કહું છુ કે આ માણસ અલી(અ.) અને તેના શીયા કયામતના દિવસે મૂક્તિ મળવશે."

- જલાલુદ્દીન સુયુતી, તફસીર અલ-દર્ર અલ-મનતહુર, (કૈરો) ભાગ. 6,પે. 379
- ઇબ્ને જરીર અલ તબરી, તફસીરે ઇમામે બોયુતી, (કૈરો) ભાગ. 33, પે. 146
- ઇબ્ને અસાકીર, તારીખે દમીશક, ભાગ. 42,પે. 333, p. 371
- ઇબને હજર અલ હયસમી, અલ-સવાઇક અલ-મુહર્રેકા, (કૈરો) પ્ર. 11, ભાગ 1,પે 246-247

રસુલ(સ) એ કહ્યુ: "**અય અલી(અ)! (કયામતના દીવસે) તમે અને તમારા શીયા સારી રીતે સંતુષ્ટ રીતે અને સારી ખુશી સાથે અલ્લાહ તરફ આવશો**, અને તમારા દુશમનો તેની(અલ્લાહ ની) તરફ ગુસ્સામાં અને જકડાએલા ડોકા સાથે આવશે.

- ઇબને અતહર, અલ નહયાન ફી ગરીબ અલ-હદીસ,(બૈરૂત,1399), ભાગ. 4 પે. 106
- અલ-તેબારાની, મુજામ અલ કબીર, ભાગ 1 પે 319
- અલ-હયસમી, મુજામ અલ-જવાદી, ભાગ. 9, નં 14168

રસુલ(સ) એ કહ્યુ : "**ખુશખબર અય અલી(અ)! ખરેખર તમે અને તમારા શીયા જન્નતમાં હશો**."

- અહમદ ઇબને હમ્બલ, ફઝાએલ અલ સહાબા, (બૈરૂતા) ભાગ. 2, પે. 655
- અબુ નયામ અલ ઇશફીયાની, હયાતુલ અવલીયા, ભાગ. 4, પે. 329
- અલ ખતીબ અલ બગદાદી , તારીખે બગદાદ, (બૈરૂત) ભાગ. 12, પે. 289
- અલ તબરાની, મુજામ અલ ખયબર, ભાગ. 1, પે. 319
- અલ હયસમી, મુજામ અલ જાવીદ, ભાગ. 10, પે. 21-22
- ઇબને અસકર, તારીખે દમીશક, ભાગ. 42, પે. 331-332
- ઇબને હીજરલ હયતમી, અલ સવાઇક અલ મોહરીક, (કૈરો) પ્ર. 11, ભાગ 1, પે. 247